જરૂરી/તાત્કાલિક

પત્ર નં.-આરઓજે-૧૮/૨૦૧૬/૩૬૮/ઇ-૫
ગુજરાત સરકાર,
ન.જ.સં.પા.પુ. અને ક. વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તા.૦૯/૦૩/૨૦૧૬

પ્રતિ,

ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા મદદનીશ ઇજનેર (સી.) વર્ગ-૨ની
જાહેરાત ક્રમાંક:-૧૦૯/૨૦૧૩-૧૪ અને જાહેરાત ક્રમાંક:-૪૧/૨૦૧૪-૧૫
અન્વયે પસંદગી પામેલા તમામ ઉમેદવારો.

વિષય:-ગુજરાત ઈજનેરી સેવા વર્ગ-૨માં મદદની ઇજનેર (સી) તરીકે નિમણુક આપવા બાબત.
જા. ક:- ૪૧/૨૦૧૪-૧૫ તથા જા.ક્ર.:-૧૦૯/૨૦૧૩-૧૪.

શ્રીમાન,

આ વિભાગ હેઠળની ગુજરાત ઈજનેરી સેવા (વર્ગ-૨) સંવર્ગની મદદનીશ ઈજનેર (સીવીલ)ની જગ્યા પર નિમણૂક માટે ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા આપના નામની થયેલ ભલામણ અનુસાર આપને ઉક્ત જગ્યા પર સીધી ભરતીથી નિમણુક આપવા માટેની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ છે.

મદદનીશ ઈજનેર (સીવીલ) સંવર્ગની આ વિભાગ તેમજ સરદાર સરોવર નર્મદા નિગમ લી., હેઠળની ખાલી જગ્યાઓ પૈકીની આપની પસંદગીની જગ્યા અંગે એક વિકલ્પ પસંદ કરીને નિમણૂક મેળવવા માટે તા.૧૯/૦૩/૨૦૧૬ અને તા.૨૦/૦૩/૨૦૧૬ના રોજ સવારના ૯-૩૦ કલાકે કેમ્પ રાખેલ છે, જેમાં નીચેની વિગતો મુજબ રૂબરૂમાં ઉપસ્થિત રહેવા આપને અજ્ઞાનુસાર વિનંતી છે.

| સ્થળ | જાહેરાત ક્રમાંક | મેરીટ ક્રમાંક | તારીખ |
|---|---|---|---|
| વિશ્વકર્મા સરકારી એન્જિનીયરીંગ કોલેજ, સાબરમતી-કોબા હાઇવે, વિસત ત્રણ રસ્તા નજીક, ચાંદખેડા, અમદાવાદ-૩૮૨૪૨૪, ગુજરાત. | ૧૦૯/૨૦૧૩-૧૪ | ૧ થી ૨૦૦ | તા.૧૯/૦૩/૨૦૧૬ |
| | ૪૧/૨૦૧૪-૧૫ | ૧ થી ૪૦ | |
| | ૧૦૯/૨૦૧૩-૧૪ | ૨૦૧ થી ૪૦૦ | તા.૨૦/૦૩/૨૦૧૬ |
| | ૪૧/૨૦૧૪-૧૫ | ૪૧ થી ૮૩ | |

જેઓને વિભાગ ખાતે પ્રમાણપત્રો ચકાસણી અર્થે બોલાવેલ પરંતુ પ્રમાણપત્ર ચકાસણી અર્થે હાજર રહેલ નથી અથવા ખૂટતાં પ્રમાણપત્રો રજુ કરેલ ન હોય તેવા ઉમેદવારોને આ કેમ્પમાં હાજર રહેવા દેવામાં આવશે નહિ.

ઉપર્યુક્ત વિગતોએ દરેક તેઓના મેરીટ ક્રમાંક સામે દર્શાવેલ તારીખે સમયસર અચૂક હાજર રહેવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ,

N.C. Vasava

(એન. સી. વસાવા)
સેકશન અધિકારી
નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ